**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૭ ટકા

# સરગાસણની હોટલમાંથી જુગારધામ પકડાયું

ગાંધીનગર, તા.૧૯

પવિત્ર શ્રાવણમાસ શરુ થવાને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે શહેરમાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં જ ઉનાવા ગામેથી મોટું જુગારધામ એલસીબી-૨ પોલીસે ઝડપી પાડ્યું છે. ત્યારે આ જુગારધામને પકડી પાડ્યાને ગણતરીના કલાકો થયા હશે ત્યાં ઈન્ફોસીટી પોલીસે સરગાસણ ચોકડી પર પ્રમુખ ટેન્ઝન કોમ્પ્લેક્ષમાં આવેલી હોટલ સ્લીપ ઈનમાંથી મોટું જુગારધામ ઝડપાયું છે. પોલીસે હોટલમાંથી ૨૧ જુગારીઓને પકડી પાડ્યા છે જેમાં ત્રણ યુવતિઓનો પણ સમાવેશ થાય છે. જુગારીઓ પાસેથી પોલીસે અંગજડતી અને દાવ પરથી રોકડ રૂ.૨૦,૨૪૦, ૨૩ મોબાઈલ, ૬ ગાડી, પ્લાસ્ટીકના કોઈન ૬૦૭ સહિત કુલ રૂ.૧૫,૯૨,૭૪૦ નો





મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા, જાહેરનામા ભંગ, અને મહામારી અધિનિયમના ભંગ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઈન્ફોસીટી પીઆઈ એસ.જે.રાજપૂતના માર્ગદર્શન હેઠળ કાર્યરત ટીમને જુગારધામ અંગે બાતમી મળી હતી. જેને અનુલક્ષી પોલીસે હોટલ સ્લીપ ઈનના રૂમ નં.૫૧૧ માં રેઈડ પાડી હતી. રૂમના અંદરનું વાતાવરણ જોઈ પોલીસ પણ અચંબામાં પડી ગઈ હતી. ફિલ્મોમાં હોય છે તે પ્રકારે જુગારીઓને પત્તા તેમજ કોઈન સહિતની સેવાઓમાં ત્રણ યુવક અને ત્રણ યુવતિ ખડેપગે હાજર જોવા મળ્યા હતા. પોલીસે જુગારધામનું સંચાલન કરતા મોહસીન અમદબાઈ અબ્દાની (ઉં.૩૦ જામનગર)સાથે જુગાર રમવા માટે બેઠેલા અન્ય ૧૪ ઈસમો પકડાયા હતા. પોલીસના હાથે ઝડપાયેલા જુગારીઓમાં અમદાવાદ વસ્ત્રાલનો પ્રફુલ રામાભાઈ પટેલ, સુરતના નિલેશ ગુણંવતભાઈ સરોડીયા, સતિષ પ્રહલાદભાઈ ભટ્ટ, બોપલનો મહેન્દ્ર ઘનશ્યામભાઈ લીંમ્બાચીયા, રીતેશ અમરત પટેલ સોલા, શૈલેષ ચીનુભાઈ પટેલ, નરેન્દ્ર છગનભાઈ પટેલ મોરબી,ધર્મેન્દ્ર છગનભાઈ પટેલ, નરેન્દ્ર જીવણભાઈ ગોરસીયા જુનાગઢ, મનીષ જીવણભાઈ ગોરસીયા, અશ્વિન બાલબ્રહ્મ બીદોરીયા, રાકેશ રમેશભાઈ પટેલ ધોળકા, કાનજી બચુભાઈ પટેલ અમરેલી, ભુપેન્દ્ર ધનાભાઈ પટેલ દસક્રોઈનો સમાવેશ થાય છે. જયારે જુગારીઓની સેવામાં રહેલા યુવગક પ્રોવોન્ગ નોવોન્ગ છીરી પ્રશ્ચિમબંગાળ, રતજ જીવન ગરમેર તેમજ નેપાલના રાજન રામબહાદુર બીસ્ટને રખાયા હતા. જયારે નેપાળની રૂમા લક્ષ્મણ બોહરા, ડેઝી ઓમપ્રતાપ આલીયા, સંજુ સુરેશ શીટૌલા છેલ્લા પાંચ વર્ષથી મુખ્ય સુત્રધાર મોહસીન અબ્દાની સાથે કામ કરતી હતી. આ ઉપરાંત પોલીસે હોટલના બે મેનેજર એવા છાલાના રૂષિક ભીખાભાઈ ચૌધરી તેમજ પોર ગામના મહમંદ શાહનવાજ શકીલને વોન્ટેડ જાહેર કર્યા છે. જેઓએ કેટલાક રૂપીયાની લાલચમાં જુગાર રમવા દીધો હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ પોલીસે હોટલના સંચાલકોની જુગારધામમાં કોઈ ભુમિકા છે કે નહી તે દિશામાં પણ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. પોલીસે બનાવની જગ્યાએથી અંગજડતી અને દાવ પરથી રોકડા રૂ.૨૦,૨૪૦, મોબાઈલ નંગ-૨૩, ગાડી નંગ-૬, પ્લાસ્ટીકના કોઈન નંગ-૬૦૭ સહિત કુલ રૂ. ૧૫,૯૨,૭૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા અનો જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાવોલ ખાતે રહેતા યુવકને તેની ફેસબુક ફ્રેન્ડના પતિ અને અન્ય શખ્સોએ ઢોર માર માર્યો

ગાંધીનગર, તા.૧૯

વાવોલ ખાતે રહેતા યુવક સાથે તેની મહિલા ફેસબુક ફ્રેન્ડ રહેવા માટે આવી ગઈ હતી. જેને પગલે મહિલાના પતિ અને અન્ય શખ્સોએ યુવકને પથિકાશ્રમથી ગાડીમાં બેસાડી વિવિધ જગ્યાએ લઈ જઈ ધોકા વડે તેમજ ગડદાપાટુનો ઢોરમાર માર્યો હતો. ત્યારબાદ માણસાના સોજા ગામ નજીક ઉતારી દેવાયો હતો. ત્યાંથી યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. જયારે યુવકને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયો હતો. બનાવ અંગે યુવકે ફરીયાદ નોંધાવતો પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ કલોલ તાલુકાના નાદરી ગામનો યુવક કૃષ્ણકાંત પ્રવિણભાઈ બારોટ (ઉં.૩૭) હાલ વાવોવ ગામમાં રહે છે. જયારે ફરીયાદી યુવકે વર્ષ ૨૦૦૧ માં તેને છુટાછેડા થયા છે. આઠ માસ પહેલા ફેસબુક પર કાશ્મીરા નામની યુવતિ સાથે તેને મિત્રતા થઈ હતી. ફેસબુક પર ચેટીંગ કર્યા બાદ બંન્ને વચ્ચે નંબરોની આપ-લે થઈ હતી. ત્યાર પછી બંન્ને વચ્ચે પ્રેમના અંકુર ફુટ્યા હતા. ત્રણ માસ પછી યુવતિએ કહ્યું હતું કે જયેશ બારોટ સાથે તેના લગ્ન થયેલા છે. યુવતિએ ઝઘડો થતો હોવાથી પતિ સાથે રહેવુ નથી તેમ કહ્યું હતું. ત્યારબાદ યુવતિ ૨૪ દિવસ પહેલા પતિને છોડીને વાવોલ ખાતે ફરીયાદી પાસે આવી હતી. ગત તા.૧૬ જુલાઈના રોજ ગાંધીનગર ડેપો પાસેથી ફરીયાદીને પ્રવિણ બારોટ, એમ.એસ.બારોટ, અને ઓમ બારોટ ઉઠાવી તારાપુર નજીક લઈ ગયા હતા. જયા એક કારમાંથી કાશ્મીરા બહેનના પતિ જયેશ બારોટ નીચે આવ્યા હતા. તેઓ કંઈ પણ બોલ્યા વિના ફરીયાદી પર ધોકા વડે હુમલો કર્યો હતો. ત્યાર પછી ત્રણેય શખ્સો તેના પર તુટી પડ્યા હતા. ત્યારબાદ વિશાલ બારોટ નામનો યુવક આવ્યો હતો તેણે પણ ફરીયાદીને માર માર્યો હતો. જયારે આરોપીઓ ફરીયાદીને મહેસાણા ખાતે કોઈ જગ્યાએ લઈ ગયા હતા, ત્યાં પણ ફરીયાદીને માર મારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ફરીયાદીને માર માર્યા પછી ગાડીમાં ફેરવીને સોજા પાસે ઉતારી ગયા હતા. જયાંથી કોઈની મદદથી યુવક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. ગાંધીનગર સિવિલથી વધુ સારવાર માટે યુવક ને અમદાવાદ સિવિલ ખસેડાયો હતો. જયાં યુવકને ડાબા હાથની કોણીના ભાગે ફ્રેકચર હોવાનું નિદાન થયુ છે. બનાવ અંગે યુવકે સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

## સરગાસણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૧૯

મનપામાં સમાવિષ્ઠ ન્યુ ગાંધીનગરના ટી પી ૯ વિસ્તાર માં રવિવારે રેડિઅન્ટ સ્કૂલથી અવનીપ્રસ્થ એપાર્ટમેન્ટ સુધી જાહેર રોડના ડિવાઈડર પર પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૫૦ છોડ વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગની શરૂઆત ગાંધીનગરના મેયર રીટાબેન પટેલના વરદ હસ્તે વૃક્ષારોપણ કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગને અભિયાન ગણી નિરંતર ચાલુ રાખવા સૌ હાજર રહીશોએ ઉત્સાહ દર્શાવ્યો હતો. આ અભિયાનને વેગ મળે તે હેતુથી પ્રથમ દાતા બન્યા હતા અવનીપ્રસ્થ એપાર્ટમેન્ટના બિલ્ડર પી. જી પટેલ અને રેડિઅન્ટ સ્કૂલના સંચાલક વામજા સાહેબ. આ અભિયાનમાં પ્રયાસ ટ્રસ્ટના સભ્યો સાથે આ વિસ્તારની સોસાયટીના રહીશો પણ ઉત્સાહથી જોડાયા હતા. કોરોનાના કારણે આ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સીસનું પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું હતું. જગદીશભાઈ નમેરા અને હિંમતભાઈ પટેલ દ્વારા મેયર શ્રીને પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટની કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા હતા. મેયરને ટીપી-૯ વિસ્તારની સમસ્યાઓ જેવી કે જાહેર જગ્યાઓની સફાઈ, રોડ પર ભરાતા પાણી, ગુડા ગાર્ડન ની સફાઈ, TP9 ના એન્ટ્રન્સ ખ રોડ પર ટ્રાફીક સિગ્નલ, શાકભાજી વેચવાવાળા દ્વારા રોડ પર થતું દબાણ, દુકાનદાર દ્વારા રોડ પર થતું દબાણ વગેરેથી માહિતગાર કરાયા હતા. આ રજુઆત સાંભળ્યા પછી મેયરે તેમના ભાષણમાં આ વિસ્તારના રહીશોનો આભાર માન્યો અને સમસ્યાઓનું જલ્દીથી સમાધાન થાય તેવું આશ્વાસન આપ્યુ હતું. ખાસ કરીને સફાઈ બાબતમાં ત્વરિત પગલાં ભરવામાં આવશે તેવુ જણાવ્યું હતું. કાર્યક્રમને અંતે આખા વિસ્તારની મેયરે મુલાકાત લીધી હતી અને સમસ્યાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ કાર્યક્રમમાં શરણ રેસીડેન્સીમાંથી જયેશભાઈ શાહ, સૂર્યા બંગલોમાંથી જિનેશ પટેલ, દેવકૃપા રિધમમાંથી નીતિનભાઈનો સતત સહયોગ રહ્યો હતો.

પ્રમુખ હાર્ડવેરના સુમનભાઈ પટેલે મેયર સાથે કોઓર્ડિનેશન રાખી અને સ્વાગત વિધિ કરી હતી. સાથે સાથે પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ નમેરા અને ઉપપ્રમુખ હિંમતભાઈ પટેલે ટીપી-૯ ના સર્વે રહીશોનો આભાર માની વિસ્તારના વિકાસ અને સ્વચ્છતા માટે સૌ સાથે મળી કામગીરી ચાલુ રાખવા અપીલ કરી હતી.

## આજે મૂન લેંડિંગના ૫૧ વર્ષની ઉજવણી પ્રસંગે ચંદ્ર પર નિવાસની શકયતા અંગે ચર્ચા યોજાશે

ગાંધીનગર, તા.૧૯

વિશ્વ સોમવારે મૂન લેંડિંગ ના ૫૧ વર્ષની ઉજવણી કરશે. મૂન લેંડિંગમાં મળેલ સફળતા એ ચંદ્ર વિષે જાણવાની ઉત્સુકતા વધારી દીધી છે. કેટલાક દેશો એ તેમના માનવ રહિત અને માનવ સહિત સફળ મૂન મિશન પાર પાડ્યા છે. ભારતે પણ ૨૦૦૮માં ચન્દ્રયાન -૧ મોકલી સિધ્ધિ મેળવી છે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે હૉલ ઓફ સનયન્સ સ્વદેશી ચંદ્ર મિશન વિષે માહિતી આપે છે. અહીંયા ચન્દ્રયાન ગુરુત્વાકર્ષણથી કેવી રીતે બાહ્ય કક્ષા પર ભ્રમણ કરે છે તે દર્શાવે છે અને ચંદ્રની ફરતે કેવી રીતે ભ્રમણ કરે છે તેનું સુંદર નિરૂપણ છે.

દરમિયાન, ગુજરાત સાયન્સ સિટી દ્વારા મૂન લેંડિંગના ૫૧ વર્ષ પ્રસંગે વિશેષ ચર્ચા યોજવામાં આવશે. ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ (આઈયુસીએએ) પુનાના પ્રભારી સમીર ધૂર્ડે, માનવ નિવાસસ્થાન માટેનું આગલું સ્થળ તરીકે ચંદ્રની શક્યતા તરફ ચર્ચા કરશે. આ માટે તા. ૨૦ જુલાઈએ બપોરે ૧૨ થી ૧ દરમિયાન સાયન્સ સિટીના ફેસબુક પેજ પર જોડાઈ શકાશે. ત્યાર બાદ સાંજે, અમદાવાદના ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ) ના સાયન્ટિસ્ટ ડો. વિશાલ જોશી ચંદ્રની શોધખોળ અંગે વેબિનાર મારફતે ૨૦ જુલાઈએ સાંજે ૪ થી ૫ દરમિયાન ચર્ચા કરશે.

### ચિરવિદાય

- સ્વ. જગદીશ શાંતિલાલ જોશી, ઉ.વ. ૬૬, મુ. રાંદેસણ, જી. ગાંધીનગર
- સ્વ. વ્યાસ સુભદ્રાબેન નટવરલાલ, ઉ.વ. ૭૯, મુ. રાંધેજા, જી. ગાંધીનગર
- સ્વ. અજયકુમાર માણેકલાલ પટેલ, ઉ.વ. ૫૦, ઘાટલોડીયા, અમદાવાદ
- સ્વ. ગટાડ હીરાબેન ચંદુભાઈ, ઉ.વ. ૬૫, સે-૪-બી, ગાંધીનગર
- સ્વ. અનીલ ગજાનન દવે, ઉ.વ. ૭૭, વાપી, જી. વલસાડ

# મને થયું કે મારી અમ્મી અને આ બા બંનેમાં ફર્ક શું છે?

**પોતાના સગા સંતાનો મા-બાપને વૃધ્ધાશ્રમમાં ધકેલી આવે છે તેવા સમયમાં એક મુસ્લિમ યુવાન નિરાધાર વૃધ્ધાની પાછલી અવસ્થામાં સહારો બન્યો : વૃધ્ધાના અવસાન પછી અગ્નિસંસ્કારની વિધિ માટે શહેરના સેવાભાવી યુવાનો મદદે આવ્યા**

ગાંધીનગર, તા.૧૯

'ઈંટ ઉપર ગોઠવેલી ઈંટમાં જીવી રહ્યાં છીએ,
એટલે કે આપણે સૌ ભીંતમાં જીવી રહ્યાં છીએ.'

કવિ અનિલ ચાવડાએ કહેલી આ માર્મિક વાત માનવ સમાજે ચણેલી ધાર્મિક માન્યતાઓની દિવાલોના કારણે માનવી તેની પેલી પારના માનવીને ઓળખી ના શકે તેવી સર્જાયેલી પરિસ્થિતિને આબાદ વર્ણવે છે. પાટનગરમાં તાજેતરમાં એક વૃધ્ધાનું દેહાંત થયું અને તેની અંતિમક્રિયા કરવા બાબતે સર્જાયેલી વિસંગતતાને પગલે એક એવી કહાની જાણવા મળી જે પ્રથમ દૃષ્ટિએ કપોળકલ્પિત લાગે પરંતુ હકીકતને ટકોરીને ચકાસી ત્યારે અહોભાવથી ગદગદિત થયેલ મન માંડ માનવા તૈયાર થયું કે 'દુનિયામાં આવા પણ પરગજુ માણસો રહે છે અને તે પણ આપણી આસપાસમાં જ.' વયોવૃધ્ધ અને અશકત આ હિન્દુ નિરાધાર વૃધ્ધાને છેલ્લાં આઠેક વર્ષથી એક મુસ્લિમ પરીવારે કાળજીભર્યો આશરો આપ્યો હતો અને અંતે બિમારીના કારણે તેમનું દેહાંત થતા હિન્દુ વિધિ મુજબ અંતેષ્ઠિ કરવાની ગતાગમ પડતી ના હોવાથી શહેરમાં અબોલ પશુ પક્ષીઓના બચાવ કાર્યની સેવા કરતા જીવદયા પ્રેમી સેવાભાવી યુવાનોની મદદ મેળવી વૃધ્ધાની અંતિમ ક્રિયા કરાવી અને યુવાનો પણ કેવા જેમણે નિઃસ્વાર્થ ભાવે તમામ જવાબદારી ઉઠાવી અંતિમક્રિયા સંપન્ન કરી.

ગાંધીનગરના સરકારી કવાટર્સમાં એસટી બસના ડ્રાયવર કડંકટર વગેરે પરિવારો રહેતા હતા તેમાં એક કડંકટરના પત્નિ




ગંગાબેન અને તેમના પડોશી હીમીદાબીબીને એકબીજા સાથે ખૂબ સારૂ બનતું હતું. ગંગાબેન તેમના પતિના બીજા પત્નિ હતા અને તેમના પતિના પ્રથમ પત્નિ અને તેમના દિકરાથી તેઓ અલગ થઈને રહેતા હતા. બંને પરીવારો વચ્ચે ભારે સુમેળ હતો. મુસ્લિમ ડ્રાઈવરના ઘરમાં ચાર દિકરીઓ અને એક દિકરો હતા પરંતુ ગંગાબેનની કોખ સુની હતી આથી ગંગાબેનને હમીદાબીબીના પાંચેય સંતાન પર ખુબ હેત હતું. છાશવારે તેઓ આ સંતાનોને પોતાના હાથની ગરમ રસોઈ કે સ્વાદિષ્ટ વાનગીઓ બનાવીને ખવડાવતા હતા. કાળક્રમે મુસ્લિમ ડ્રાઈવર અને હિન્દુ કડંકટર બંને નિવૃત્ત થતા અલગ અલગ વિસ્તારોમાં રહેવા જતા રહ્યા પરંતુ પરિવારો વચ્ચે આવન-જાવન થતી રહેતી હતી. ગંગાબેનના પતિ ગુજરી ગયા બાદ તેઓ એકલાં પડી ગયાં અને પોતાનાથી થાય તે અને જે મળે તે છુટક કામ કરીને ગુજરાન ચલાવતા હતા. બીજી તરફ મુસ્લિમ ડ્રાઈવર પણ ગુજરી ગયા અને તેમની દિકરીઓ તો પરણીને સાસરે ઠરી ઠામ થઈ ગઈ જયારે દિકરો મુસ્તાકભાઈ ખાનગી લોડિંગ વાહનનો ડ્રાઈવર બનીને પોતાના માતા, પત્નિ અને પાંચ સંતાનોના પરિવારનું લાલન પાલન કરતો હતો. કાળક્રમે ગંગાબેન જેમને બાળકો હવે ગંગાબા કહી બોલાવતા હતા તેમનું શરીર વૃધ્ધાવસ્થાને કારણે અશકત બનતા તેમની આવક ઘટવા લાગી અને ગરીબીએ એવો ઘેરો લીધો કે ઘરનું ભાડુ ભરવાની ખેંચ પડવા લાગી. મકાનમાલિકે પણ સમય જતા લાગ જોઈને મકાનનું રિનોવેશન કરવાનું છે કરી ઘર ખાલી કરાવી દીધું પછી ગંગાબાએ ઉત્તર ગુજરાતના દૂરના ગામડે પોતાના એક સગાને ત્યાં આશરો લીધો પરંતુ તે ઝાઝો ટકયો નહી. ફરી ગાંધીનગર પરત ફરેલા ગંગાબાને એકવાર શાકબજારમાં બાઈક સવારે ટકકર મારી જેના કારણે ઈજાગ્રસ્ત થયેલા ગંગાબા મુસ્તાકભાઈના ઘરે પહોંચી ગયા જયાં તેમની સારવાર કરાવ્યા બાદ મુસ્તાકે કહ્યું કે હવે તમારે કયાંય જવાની જરર નથી. અહીં અમારી સાથે જ રહેજો. આવું કરવા પાછળ મુસ્તાકભાઈ કહે





છે કે, 'મેં જયારે મારી અમ્મી અને ગંગાબાને સાથે જોયાં ત્યારે મને થયું કે આ બંનેમાં ફર્ક શું છે?' બસ ત્યારથી ગંગાબા એ મુસ્લિમ પરિવારનો હિસ્સો બની ગયા જે બે રુમના ઘરમાં આઠ વ્યકિતનો પરિવાર રહેતો હતો. ગંગાબાને હાઈ બીપી સાથે ડાયાબીટીશની તકલીફ હતી તેની દવાથી માંડીને તેમના મોતિયાનું ઓપરેશન પણ મુસ્તાકે કરાવ્યું. આઠ વર્ષ સુધી ગંગાબા તેમની સાથે રહ્યાં તે દરમિયાન જયારે પણ ઘરમાં નોનવેજ જમવાનું બનાવવાનું થાય તો પહેલા ગંગાબા માટે શાકાહારી ભોજન બનાવી લેવાની દરકાર રખાતી હતી. ઘરમાં પત્નિને કયારેક ખચકાટ થતો તો મુસ્તાકભાઈ કહેતા કે 'આપણે જયારે વૃધ્ધ થઈશું ત્યારે જો આપણાં સંતાનો નહીં રાખે તો? તે સ્થિતિ ના આવે તે માટે આ પુણ્ય ભેગું કર, આપણી આ સેવા આપણાં સંતાનો તેમની આંખે જોશે તો તેઓ કયારેય આપણને તરછોડશે નહીં.'

આમને આમ આઠેક વર્ષ સુધી ગંગાબાની જવાબદારી નિભાવતા બે સપ્તાહ અગાઉ અચાનક ગંગાબાની તબિયત વધુ લથડી અને બીપી-ડાયાબીટીશ વધી જવા સાથે લોહીમાં હિમોગ્લોબીનની ઉણપ થઈ ગઈ. દવાખાને લઈ ગયા તો ડોકટરે કહ્યું કે 'હવે બાની થાય એટલી સેવા કરી લો' એટલે ઘરે પરત લાવ્યા પછી ગંગાબા છ દિવસ તો કોમામાં રહ્યા. તેઓ કોમામાં સરી પડયા તે પહેલાં મુસ્તાકભાઈના વચલા દિકરા રોકી પર તેમને વધુ વ્હાલ હોવાથી મુસ્તાકને કહેતા ગયા કે, 'જો મને કંઈ થઈ જાય તો મારા પાકીટમાં ૨૦ રૂપિયા પડયા છે તે રોકીને આપી તેને ભાવતી વેફર ખાવા દે જે.' આ છેલ્લાં શબ્દો પછી કોમામાં ચાલ્યા ગયેલા ગંગાબા ગત સપ્તાહે ગુરુવારે સાંજે અવસાન પામ્યા. જે ગંગાબાને શ્વાસ લેવામાં તકલીફ ના થાય તે માટે પોતાના બાળકો માટે લાવેલું એરકુલર લગાડી દેનાર મુસ્તાક ભાઈએ ગંગાબાની અંતિમક્રિયા હિન્દુ વિધિ મુજબ કરવાનું નક્કી કર્યુ. પરંતુ તે માટે કોઈ જાણકારી નહોતી. તેમણે ઓળખિતા-પાળખિતાની મદદ લેવા પ્રયાસ કર્યો જેના અંતે તેમને શહેરમાં મુંગા પ્રાણી-પક્ષીઓના બચાવ કાર્ય સાથે જોડાયેલા જીવદયા પ્રેમી સેવાભાવી યુવાનોએ સહકાર આપવાની તૈયારી દર્શાવી. આ યુવાનોએ રાત્રે જ અંતેષ્ઠિની તમામ તૈયારીઓ શરૂ કરી જરુરી સામાન એકઠો કરી લીધો તેમજ મુસ્તાકભાઈના ઘરે જઈને પ્રાથમિક વિધિ પણ પતાવી દીધી. બીજા દિવસે વહેલી સવારે મુસ્તાકભાઈની મદદથી ગંગાબાના સાવકા દિકરાનો સંપર્ક કરી મનાવીને અંતિમ ક્રિયા માટે સાથે લઈ આવ્યા જેમણે દોણી ઝાલી. એકતરફ કોરોના વાયરસની મહામારીના કારણે ખૂબ સાવચેતી પણ જરૂરી હતી તેનું ધ્યાન રાખતા ગંગાબાની અર્થી મુકિતધામ સ્મશાન પહોંચાડી અને સીએનજી ભઠ્ઠામાં તેમને અગ્નિ સંસ્કાર આપવામાં આવ્યા. આ કાર્યમાં મુસ્તાકભાઈ સાથે તેમના મિત્ર મોહસીનભાઈએ પણ મદદરુપ બની ગંગાબાને કાંધ પણ આપી હતી. જે સેવાભાવી યુવાનોએ મુસ્તાકભાઈને ગંગાબાના અંતિમ સંસ્કાર સંપન્ન કરવામાં મહત્વની સેવા પુરી પાડી હતી તેમાં પંકજભાઈ વાઘેલા, વિવેક પરમાર, તેજસ ગામિત, જિજ્ઞેશ જાદવ અને સાગર સોનીનો સમાવેશ થાય છે. આ તમામ યુવાનોએ પણ જયારે મુસ્તાકભાઈએ પોતે મુસ્લિમ હોવા છતાં એક હિન્દુ નિરાધાર વૃધ્ધાને તેની પાછલી જીંદગીમાં જીવનના અંત સુધી આપેલા આશ્રયની વાત જાણી ત્યારે ભાવવિભોર થઈ આંખમાં આંસુ સાથે વંદન કર્યા હતા. યુવાનોના મનમાં એક વાત ગુંજી રહી હતી અને તે એ હતી કે 'મુસ્તાકભાઈએ માત્ર પડોશી ધર્મ જ નથી નિભાવ્યો પરંતુ એક સાચા માનવધર્મની ઓળખ પણ કરાવી છે.'

(ખાસ નોંધ : આ સત્યઘટનામાં સેવાભાવી યુવા સ્વયંસેવકો સિવાય તમામ પાત્રોના નામ બદલ્યાં છે.)

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com